### શહેરની સુલેહ શાંતિ જોખમાય તે પૂર્વે તંત્ર પગલાં ભરે તેવી માંગ

# પાલનપુરના પોલીટેકનીક સામેની સરકારી જમીન પરનો અસામાજીક તત્વોનો કબજો દુર કરાવવા માંગ

## ખુદ ભાજપી સત્તાધીશોના અકળ મૌન સામે ભગીની સંસ્થાઓએ ચડાવી બાંયો

પાલનપુર, તા. ૨૩

હિન્દુત્વના ઠેકેદાર બની રામના નામે ખોબલે ખોબલે વોટ માંગી સત્તા માટે ભગવાન શ્રીરામને પણ કોરાણે મુકી દેનારા કહેવાતા હિન્દુત્વવાદી ભાજપના રાજમાં ખુદ ભાજપી સત્તાધિશો અને પદાધિકારીઓના અંગત સ્વાર્થ થકી થતા કોઠા કબાડાંને પગલે વિધર્મી અસામાજીક તત્વોને છુટો દોર મળી રહ્યો હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી છે. ત્યારે ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં માલણ દરવાજા પાસે સરકારી પોલીટેકનીક કોલેજ સામે આવેલી સર્વે નં.૩૭ની સરકારી જમીન પર અસામાજીક તત્વો સમા ભુમાફિયાઓએ જમાવેલો કબજો છેલ્લા દશ દિવસથી ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જોકે, આ પ્રકરણમાં ખુદ ભાજપના જ કેટલાક કહેવાતા હિન્દુત્વના ઠેકેદારોની સંડોવણી બહાર આવતા ભાજપની ભગીની સંસ્થાઓમાં રોષ ભભુકી ઉઠયો છે. જેના પગલે આજે ખુદ હિન્દુત્વવાદી નકાબપોશોનો પર્દાફાશ કરી ભાજપ સામે જ બાંયો ચડાવતા હિન્દુ સમાજે કલેકટરને આવેદનપત્ર પાઠવી તત્કાલ સરકારી જમીન પરનો કબજો દુર કરાવવાની માંગ કરતા ચકચાર મચી જવા પામી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરના માલણ દરવાજા રોડ પર વણકર સમાજના સ્મશાનની બાજુમાં ખાલસા થયેલ અને હાલમાં શ્રી સરકાર હસ્તકની સોનાની લગડી જેવી કરોડો રૂપિયાની હજારો ફુટ જમીન પર ખુદ પાલનપુર શહેર ભાજપ મહીલા મોરચાના પ્રમુખ અને નગરપાલિકામાં હરહમેંશ માટે કોઠા કબાડા કુટવા માટે પંકાયેલા સાતેક નગરસેવકોના સહયોગથી ભાજપના લઘુમતી મોરચાના અગ્રણીના પુત્ર અને તેના સાગરીતોએ કબજો જમાવતા સમગ્ર પ્રકરણ ચર્ચાની એરણે ચડયુ છે. ગાડીઓના સીજીંગના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો સહીતના અસામાજીક તત્વોએ ભુમાફિયા બની સરકારી જમીન પર કબજો જમાવી કમ્પાઉન્ડ વોલનું કામ શરૂ કરતા સ્થાનિક રહીશો ભયના ઓથાર તળે ફફડી રહયા હતા. એમાંય વળી હિન્દુત્વના બની બેઠેલા ઠેકેદારો અને ભ્રષ્ટાચાર નહી કરવાની શપથ લેનારા કેટલાક ભાજપી નગરસેવકો પણ વિધર્મી તત્વોની પડખે ઉભા રહેતા મામલો વધુ ગરમાયો હતો.

અને શહેરમાં કોમી તનાવ સાથે સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે હીન્દુ સમાજના આગેવાનોએ ભાજપના સત્તાધીશો સહીત પાલિકા સહીતના સબંધકર્તાઓને પણ રજુઆત કરી હતી. જોકે, ભાજપના નેતાઓએ પણ માત્ર ઠાલા આશ્વાસનો આપતા અંતે અકળાયેલા ભાજપની ભગીની સંસ્થાના હોદ્દેદારો આજે કલેકટર કચેરી ધસી ગયા હતા. જયાં તેઓએ કલેકટર મહેન્દ્ર પટેલને આવેદનપત્ર પાઠવી તાકીદે સરકારી જમીન પરનો કબજો દુર કરાવવાની માંગ કરી હતી. જોકે, કલેકટરે પણ આગામી રમઝાન અને રથયાત્રાના તહેવારોને ધ્યાને લઈને સમગ્ર પ્રકરણને ગંભીરતાથી લઈ પાલિકા સહીતના પ્રશાસનને છ ટીમો બનાવી પોલીસ બંદોબસ્ત સાથે દબાણ તાકીદે દુર કરાવવાની સુચના આપતા હીન્દુ સમાજના અગ્રણીઓએ પણ રાહતનો દમ લીધો હતો. આ પ્રસંગે બનાસકાંઠા ભાજપના મહામંત્રી હીતેશ ચૌધરી, શહેર ભાજપ પ્રમુખ અનિકેત ઠાકર, રાજુભાઈ ડાભી, હીન્દુ સમાજના અગ્રણી રાજુભાઈ સૈની, વિનોદભાઈ ચૌહાણ, પપ્પુભાઈ પ્રજાપતિ, ચંદ્રેશભાઈ ઠાકર, કમલેશભાઈ દવે અને ચંદ્રકાત રાવલ સહીતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### ભાજપના નકાબપોશો સામે ખુદ હીન્દુ સમાજને ચડાવવી પડી બાંયો

હિન્દુત્વના પહેરદાર બની ફરતા ભાજપી નેતાઓએ જ અંગત સ્વાર્થ ખાતર હીન્દુ સમાજના હીતોને ઠેબે ચડાવતા ભાજપની ભગીની સંસ્થાઓ ભડકી ઉઠી હતી. જેને લઈને છેલ્લા એક સપ્તાહથી વોટસઅપ પર પણ મેસેજ ફરતા થયા હતા. જેમાં પૈસા ખાતર પોતાનું ઈમાન વેચી પક્ષ તથા હીન્દુ સમાજને લાંછન લગાડનારા તત્વોને હીન્દુ સમાજના ગદ્દારો તરીકે ઓળખાવતા મેસેજ ફરતા થયા હતા. આ ઉપરાંત આવા તત્વોને બેનકાબ કરવાને બદલે સત્તામાં બેઠેલા ભાજપી સત્તાધીશો કે સંગઠનના હોદ્દેદારો ધ્વારા પણ લાલ આંખ કરવાને બદલે ભેદી મૌન સેવી લેવાતા હીન્દુ સમાજના યુવા આગેવાનોએ મિજાજ ગુમાવ્યો હતો. અને અંતે સમગ્ર મામલો કલેકટર કચેરી સુધી પહોંચ્યો હતો. જોકે, અગાઉ ભાજપની ભગીની સંસ્થાઓ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, દુર્ગાવાહીની, બજરંગ દળ કે વી.એચ.પી.માં શોર-સપાટા કરી તે ઈમેજને આધારે ભાજપમાં હનુમાન કુદકો લગાવી સત્તાના સ્વાદ ચાખનારા નઠારા તત્વો સામે ખુદ હીન્દુ સમાજને જ સામે પડવુ પડે તે ઘટનાએ સમગ્ર હીન્દુ સમાજને વિચારતા કરી દીધા છે.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



હિંમતનગર તાલુકા ફેર -ાઈસ સોપ એસોસીએશન દ્વારા હિંમતનગરના યુવાન ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાને સત્કારવાનો એક કાર્યક્રમ સીધી સમાજવાડી ખાતે યોજાયો હિંમતનગર તાલુકાના ભારે લોચાહના ધરાવતા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાનું વિવિધ સંગઠનો અને સમાજો દ્વારા સન્માન કરવામાં આવી રહયું છે. હિંમતનગર તાલુકાની વ્યાજ બી ભાવની દુકાનોના સંચાલકો દ્વારા તેમના સત્કારનો એક કાર્યક્રમ યોજાયો હતો જેમાં અુસોસીયેશનના જિલ્લા -મુખ વસંતલાલ મોદી તાલુકા -મખ અશવિનભાઈ લીબચીયા, મંત્રી હિતેન્દ્રભાઈ પટેલ, પૂર્વ -મુખ કાન્તીલાલ મોદી સહિત હોદેદારો અને સંચાલકો ઉપસથિત રહયા હતા વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકોના -શ્નો અંગે સરકારમાં રજુઆત કરી નિકારણ માટે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ હૈયાધારણ ખાપી હતી.

# તલોદની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના કથળતા વહિવટથી વિદ્યાર્થીઓ પુસ્તકોથી વંચિત

## પ્રવેશોત્સવ યોજાયા પરંતુ અડધા પુસ્તકો અને ડ્રેસ મળ્યા નથી

તલોદ, તા. ૨૩

રાજયના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓને તમામ પ્રાથમિક શાળાઓમાં મફત પુસ્તકો, દફતરો તેમજ શાળાના ડ્રેસથી માંડીને શિષ્યવૃત્તિમાં પણ ધરખમ વધારો કરી દેતા આર્થિક સ્થિતિના બાળકોમાં અભ્યાસ કરવા ઘસારો જોવા મળ્યા તો કેટલીય શાળાઓ ગ્રાન્ટેડ કરી દેતા અને ચાલુ શાળાઓમાં રૂમોનું નવીનકરણથી અસંખ્ય બાળકોમાં શિક્ષણ વ્યાપ વધ્યો હતો. પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા અનેક કાર્યક્રમો યોજી ઉચ્ચ શિક્ષણ ધરાવતા શિક્ષકોની અનેક ભરતીઓ કરી શિક્ષણથી વંચિત નબળા વર્ગને ઘેર ઘેર જઈ બાળકોને શિક્ષણ તરફ વાળવા અનેક પ્રયાસો હાથ ધરાયા હતા. જેથી આર્થિક સ્થિતિના બાળકોમાં અભ્યાસ અર્થે વેગ વધવા પામ્યું નથી.

૧૨ જૂનથી તલોદની પ્રા. શાળામાં શુભારંભ થયો હતો. તમામ શાળાઓમાં પ્રવશોત્સવ યોજાઈ ગયા પરંતુ વિદ્યાર્થીઓને અડધા પુસ્તકો મળ્યા નથી. જ્યારે કેટલાય બાળકોને પુસ્તકો તેમજ ડ્રેસથી વંચિત બાળકો શાળાના શિક્ષકોનો સંપર્ક કરતાં જાણવા મળ્યું હતું કે હજુ ઉચ્ચકક્ષાએથી ઓછા અને અડધા પુસ્તકો મળ્યા છે. જેથી શિક્ષણ વિભાગના કથળતા વહિવટ પર રોષ જોવા મળ્યો હતો. નબળા વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ અડધા પુસ્તકો તેમજ ડ્રેસવંચિત બાળકોએ જણાવ્યું હતું કે આજના મોંઘાદાટ શિક્ષણ અને અંગ્રેજી પ્રાઈવેટીકરણથી અમારો શિક્ષણ સમક્ષ પુરતા પુસ્તકો તેમજ સત્વરે ડ્રેસ મળી રહે તેવી ઉગ્ર માંગ કરાઈ હતી.

તલોદની પ્રા. શાળામાં આર્થિક સ્થિતિના બાળકો અભ્યાસ અર્થે વ્યાપ વધ્યો છે ત્યારે શિક્ષણ જગતના કથળતા વહિવટથી બાળકો અભ્યાસથી વંચિત બન્યા છે જયારે કેટલાય બાળકો ખુદના પુસ્તકો ખરીદવા પ્રેરાયા છે. અભ્યાસક્રમ ચાલુ થઈ જતાં બાળકો પણ પાછળ રહી જવાના ભયથી સત્વરે પુસ્તકો મળી રહે તેવી ઉગ્ર માંગ સાથે ચિરનિંદ્રામાં સુતેલા શિક્ષણ વિભાગ પર રોષ ઠાલવી રહ્યા છે.

# હવાલા કાંડ : અફરોઝ ફટ્ટાની જામીન અરજી અંગે મુદત પડી

સનસનાટીપૂર્ણ પાંચ હજાર કરોડ રૂપિયાના હવાલા કૌભાંડમાં સંડોવાયેલા અને હાલ જેલવાસ ભોગવી રહેલા અફરોઝ ફટ્ટા દ્વારા મેટ્રોપોલીટન કોર્ટના સ્પેશિયલ જજ સમક્ષ કરવામાં આવેલી જામીન અરજીની સુનાવણી આજે મોકુફ રાખવામાં આવી હતી. હવે આગામી ૪ જુલાઈના રોજ અરજીની વધુ સુનાવણી હાથ ધરાશે. અફરોઝ ફટ્ટા વિરૂદ્ધ ખૂબ ગંભીર આરોપ છે. કોર્ટે તેને રિમાન્ડ બાદ કસ્ટડીમાં મોકલ્યો છે. અફરોઝ ફટ્ટાએ નવ જેટલી નકલી કંપનીઓ બનાવી ૪૫૦૦ કરોડ જેટલી માતબર રકમ હોંગકોંગ અને યુએઈમાં ટ્રાન્સફર કરી કૌભાંડ આચર્યુ હતું. અફરોઝ ફટ્ટાની એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા અટકાયત કરી કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ તેની ધરપકડ કરી રીમાન્ડ પણ મેળવ્યા હતા. જેમાં રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટે તેને કસ્ટડી મોકલી આપ્યો હતો. અફરોઝ ફટ્ટાએ મેટ્રોપોલીટન કોર્ટના સ્પેશિયલ જજને જામીન મેળવવા અરજી દાખલ કરી છે. જેમાં તેના વકીલ એસવી રાજુએ કોર્ટને જણાવ્યું છે કે અફરોઝ ફટ્ટાને એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા આ કેસમાં ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યો છે. એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પાંચ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ બતાવી રહી છે જે ખરેખર ફક્ત ૧૩ કરોડનું છે. એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ આ કેસમાં જે મુખ્ય આરોપી છે તેની સામે કોઈ કાર્યવાહી કરી રહી નથી. ફટ્ટાએ ફક્ત સાત કરોડ રૂપિયાના ડાયમંડની ખરીદી કરી હતી. અફરોઝ ફટ્ટાની જામીન અરજીની સુનાવણીમાં વધુ એક મુદત પડતા અરજીની કાર્યવાહી મુલતવી રહી હતી હવે આગામી ચાર જુલાઈએ અરજીની સુનાવણી હાથ ધરાશે.

# કરોલ ગામની કાજુની ફેકટરી મહિલાઓ માટે આશીર્વાદરૂપ

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં આવેલ કરોલ ગામે કાજુ પ્રોસેસિંગનો ગૃહ ઉદ્યોગ સ્થાનિક બેરોજગાર મહિલાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે. પરિણામે ઘર આંગણે રોજગારીની તક મળતા મહિલાઓમાં આનંદની લાગણી છવાઈ છે.

સાબરકાંઠાના પ્રાંતિજ આસપાસમાં મોટાભાગે શાકભાજીની ખેતી કરવામાં આવે છે. જેમાં મોટા ભાગે ખેતી ક્ષેત્રે લોકો કામ કરી રહ્યા છે. જ્યારે પ્રાંતિજ આસપાસના અંતરીયાળ ગામોમાં આજે પણ રોજગારીની તકો ઓછી હોવાના કારણે સ્થાનિક લોકોને રોજગારી મેળવવા દૂર દૂર સુધી દરરોજ જવું પડે છે. આથી સ્થાનિક આર્થિક રીતે સંકડામણ ભોગવી રહ્યા છે. સ્થાનિકોની આ પરિસ્થિતિની ચિંતા કરતા કરોલ ગામના સરપંચ રમેશભાઈ પટેલે અન્ય બે મિત્રોની મદદથી કાજુ પ્રોસેસિંગનો ગૃહ ઉદ્યોગની શરૂઆત કરવામાં આવી છે. જે પગલુ હાલ સ્થાનિક બેરોજગારો માટે અને ખાસ કરીને મહિલાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. સરપંચ રમેશભાઈ પટેલ ગામમાં જ એક મકાન રાખી આ ગૃહઉદ્યોગનો પ્રારંભ કરાવ્યો છે.

કાજુનો કાચો માલ તેઓ ગોવા અને આફ્રિકામાંથી રૂ. ૧૫૦થી ૧૭૫ ના ભાવે આયાત કરી રહ્યા છે. કાચા કાજુને બોઈલરમાં સાફ કરી ઓટોમેટીક કટરમાં કટીંગ કરવામાં આવે છે. દરમિયાન કટીંગ બાદ પોલીશ કરી ૨૦૦, ૫૦૦ અને ૧ કિલોગ્રામના પેકીંગ કરવામાં આવે છે. અને ફ્રેશ કરી ૧ કિલો કાજુને રૂ. ૫૦૦ થી ૬૦૦ના ભાવે કાલુપુર માર્કેટમાં વેચાણ કરાય છે.



હિંમતનગરના યુવાન ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા દર રોજ હિંમતનગરના વિશ્રામગુહમાં ઉપસથિત રહી -જાના પશ્નો અને વિકાસના કામોની સમીક્ષા કરી તેના નિવારણ માટે -યાસો હાથ ધર્યા છે. -જામાં ભારે લોકચાહના ધરાવનાર હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા પાસે -જાને માટે ધારાસભ્ય અથાગ -યાસો કરી રહયા છે. -જાનો -શ્નોનો સહેલાઈથી નિકારણ આવે તેમજ તાલુકાનું એક પણ ગામ કે વિસ્તાર વિકાસના કામોની સંચિતના રહી જાય તે માટે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા ગામડાઓનો -વાસ કરી તેમજ વિશ્રવાસગુહમાં કાર્યકરો અને -જાને રૂબરૂ મળી -શ્નોના નિકાલ અને વિકાસ કામોને વેગ આપી રહયો છે. તેમની આ કામગીરીની તાલુકામાં ભારે -શંશા થઈ રહી છે.

# પાલનપુર મુકામે ક્લેક્ટરની કચેરીમાં મતદારો માટે ૩૦ જૂન સુધી ફરીયાદ સેલ કાર્યરત

પાલનપુર, તા. ૨૩

જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી બનાસકાંઠા દ્વારા અખબારી યાદીમાં જીલ્લાની જાહેર જનતાને જણાવ્યા -માણે, લોકસભા ચૂંટણી-૨૦૧૪ના મતદાનના દિવસે મતદાર ફોટો ઓળખકાર્ડ સાથે મતદાન કરવા ગયેલ હોય,અને મતદારયાદીમાં નામ ન હોવાના કારણે મતદાન કરી શકેલ ન હોય, કે મતદારયાદીમાં ખોટી રીતે નામ કમી થયેલ હોય તો તે માટે અત્રેના જીલ્લામાં (કચેરીના ચાલુ કામકાજના સમય દરમ્યાન) આ અખબારી યાદી -સિધ્ધ થયાની તારીખથી તા.૩૦-૬-૨૦૧૪ સુધી જીલ્લા કક્ષાએ ફરીયાદ સેલ કાર્યરત બનાવાયેલ છે. જેનો ટેલિફોન નંબર ૦૨૭૪૨-૨૬૦૭૯૧ છે. નોંધ લેવા જીલ્લાની જાહેર જનતાને જણાવાયું છે.

## પ્રાંતિજ સિંધી સમાજના હોદ્દેદારો વરાયા

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજના ગોપીનાથ કોમ્પલેક્ષ ખાતે તાજેતરમાં સિંધી સમાજની સામાન્ય બેઠક યોજાઈ હતી. બેઠકના પ્રારંભે ગત બેઠકના હિસાબોનું વાંચન અને ચર્ચાઓ કરવામાં આવી હતી. બાદમાં ચાલુ વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે મનુભાઈ રામચંદાની, ઉપપ્રમુખ તરીકે ધરમદાસ ટેકવાણી, સહમંત્રી તરીકે મહેશભાઈ કિમતાણી, ખજાનચી તરીકે કિશનભાઈ નરસિંહાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન જમનાદાસ વકીલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સાબરકાંઠા-વાલ્મિક સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા વાલ્મિકી સમાજ દ્વારા ચાલુ વર્ષ ધોરણ-૧૦-૧૨માં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વસતા અને ફક્ત ચાલુ વર્ષ ધોરણ-૧૦ અને ૧૨માં ૬૦ ટકા કે તેથી વધારે અન્ય અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ગ- કે એ ગ્રેડ લાવનાર તમામ અભ્યાસાર્થીઓને સન્માનવામાં આવશે. માટે વિદ્યાર્થીઓએ માર્કશીટની ખરી નકલ એક ફોટોગ્રાફ તથા કોન્ટેક્ટ નંબર સાદી ટપાલથી મોકલી આપવી ઉપરાંત ગાયન કળાને ઉજાગર કરવા એક પ્રયાસરૂપે ફિલ્મી ગીતોના ગાયક કલાકારોએ પણ પોતાની વિગતો પ્રમુખ આર.કે. ચૌહાણ વૃંદાવન પાર્ક પ્રાંતિજ મો. નં. ૯૪૨૬૦-૬૦૭૧૯ ને તા. ૩૧ જુલાઈ ૨૦૧૪ પહેલા મોકલી આપવા જણાવ્યું છે.



સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ખેડબ્રહમા, વિજયનગર, પોસીના અને ભિલોડામાં પીવાના પાણીની ધારાસભ્ય અશવિન કોટવાલ અને જિલ્લા યુવા કોગ્રેસ -મુખ જનરાસિંહ રાઠોડની આગેવાની હેઠળ કલેકટર બંછાનિધિ પાનીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# પાલનપુર શહેરમાં ૨૯મીના રોજ યોજાનાર રથયાત્રા પ્રસંગે વાહનોના પ્રવેશ પર મુકાયેલ પ્રતિબંધ

પાલનપુર, તા. ૨૩

આગામી તા.૨૯-૬-૨૦૧૪ ના રોજ અષાઢીબીજના તહેવાર નિમિત્તે પાલનપુર શહેરમાં રથયાત્રા નીકળશે. આ રથયાત્રા ૧૪-૦૦ કલાકે મોટા રામજી મંદિરથી નીકળી પથ્થર સડક,મોટી બજાર,નાની બજાર,છુવારાફળી, બહાદુરગંજ, ત્રણબત્તી, જુમ્મા મસ્જીદ, ખોડા લીમડા, ગઠામણ ગેટ, સંજય ચોક, ગુરૂનાનક ચોક, સિમલા ગેટ, દિલ્હીગેટ થઈ ૧૯-૩૦ કલાકે રામજીમંદિર પરત ફરશે. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભકતો જોડાવવાની શકયતા છે.

જેથી પાલનપુર શહેર નગરપાલિકા વિસ્તારના માર્ગો ઉપર વાહનોના -વેશ પર -તિબંધ મુકવો હિતાવહ અને જરૂરી હોવાથી શ્રી ડી.એ.શાહ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા, પાલનપુરને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)ના ખંડ(સી) અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૨૯-૬-૨૦૧૪ ના રોજ ૧૪-૦૦ ક. થી ૨૦-૦૦ ક. સુધી પાલનપુર શહેર (પૂર્વ) પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેલ્વે ઓવરબ્રિજ અંદરના સમગ્ર વિસ્તારમાં થ્રી વ્હીલર, ફોર વ્હીલર વાહનો ફેરવવા ઉપર -તિબંધ મુકવામાં આવ્યો છે. આ -તિબંધ રથયાત્રા પસાર થવાના સમય પુરતો પોલીસ નિયંત્રણ મુજબ રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ સજાને પાત્ર થશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન